વડોદરા, અમદાવાદ, દિલ્હી, મુંબઈના ૬ આર્કિટેક્ટે પ્રેઝન્ટેશન આપ્યું હતું

સ્ટેડિયમની ડિઝાઈન માટે બીસીએ દ્વારા મુંબઈના આર્કિટેક્ટની પસંદગી

કોટંબી ખાતે ૧૨૫ કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ બનશે

વડોદરા : બરોડા ક્રિકેટ એસોસિયેશન દ્વારા કોટંબી ખાતે ક્રિકેટ સ્ટેડિયમની ડિઝાઈન માટે મુંબઈના આર્કિટેક્ટની આજે એપેક્સ કાઉન્સિલની મીટિંગમાં પસંદગી કરવામાં આવી હતી. કોટંબીમાં ૩૦,૦૦૦ પ્રેક્ષકોની ક્ષમતાનું અંદાજે ૧૨૫ કરોડના ખર્ચે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ બનશે.

કોટંબી ખાતે બીસીએના માલિકીના ક્રિકેટ સ્ટેડિયમનું કામ ઝડપથી આગળ વધી રહયું છે. બરોડા ક્રિકેટ એસો. દ્વારા સ્ટેડિયમની ડિઝાઈન અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટ માટે ટેન્ડર બહાર પાડયું હતું. ૩૦,૦૦૦ પ્રેક્ષકોની ક્ષમતાના સ્ટેડિયમ માટે વડોદરા, મુંબઈ, અમદાવાદ અને દિલ્હીના ૬ આર્કિટેક્ટ દ્વારા ટેન્ડર ભરવામાં આવ્યું હતું. આર્કિટેક્ટ દ્વારા અત્યારસુધી કરવામાં આવેલાં પ્રોજેક્ટ્સ અને અંદાજિત ખર્ચ સાથે ગત ૧૦ ઓક્ટોબર સુધી ટેન્ડર પ્રક્રિયા પુરી કરવામાં આવી હતી. આજે બીસીએ હાઉસ ખાતે એપેક્સ કાઉન્સિલની મીટિંગમાં ૬ આર્કિટેક્ટ દ્વારા સ્ટેડિયમની સંભવીત ડિઝાઈન અંગે પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. ૬ આર્કિટેક્ટના પ્રેઝન્ટેશનને અંગે એપેક્સ કાઉન્સિલે મુંબઈના સલીલ રણદીવેની પસંદગી કરવામાં આવી હતી. સલીલ રણદીવેએ મુંબઈ, હઝીરા, દહેજ અને પૂણે ખાતે કેટલાંક મોટા પ્રોજેક્ટ્સ કર્યા છે, જ્યારે અન્ય કેટલાક પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહયું છે. બીસીએ દ્વારા કોટંબીમાં સ્ટેડિયમ પાછળ અંદાજિત ૧૨૫ કરોડના ખર્ચ કરવામાં આવશે. રૂ. ૨૫ કરોડની જમીન ઉપરાંત, રૂ. ૯૦થી ૧૧૦ કરોડ સ્ટેડિયમના બાંધકામ પાછળ અને રૂ.૨થી૩ કરોડ લાઈટિંગ પાછળ ખર્ચ કરાશે તેવું જાણવા મળ્યું છે. બીજી તરફ, બીસીએના પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટના ટેન્ડરની આવતીકાલે છેલ્લી તારીખ છે.

મંજુસરની બામન લોરી ક્રું.માં ભંગાર ચોરનાર નવ પકડાયા

। વડોદરા ।

મંજુસર GIDCની બામન લોરી લિ. કંપનીમાંથી ગત ૧લી ઓગસ્ટથી ૮ ઓક્ટોબર વચ્ચે રૂ.૩.૯૨ લાખના ૧૪ ટન વેસ્ટજ સ્ક્રેપની ચોરી થઈ હતી. બે દિવસ અગાઉ નોંધાયેલા ગુનામાં સાવલી પોલીસે ૧૦ પૈકી ૯ શખસોને પકડયાં છે. જોકે, ચોરી કરનાર નવ પૈકી ગન મેન કે ગાર્ડ સહિત કોન પકડાયાં ? તે અંગે તપાસ અધિકારીએ પ્રકાશ પાડયો ન હતો.

બામન લોરી લિ. કંપનીમાં ગત ૧લી ઓગસ્ટથી ૮ ઓક્ટોબર દરમિયાન ૧૪ કિલો વેસ્ટેજ સ્ક્રેપની ચોરી થઈ હતી. સિક્યોરિટી એજન્સીના એરિયા ઓફિસર પૃથ્વીરાજ કાશીરાજ પાટીલે રૂ.૩.૯૨ લાખની ચોરી અંગે ગત તા.૧૭મીએ રાતે સાવલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. શિફટ દીઠ નોકરી કરતાં કર્મચારીઓએ કામ કરે છે. આ કંપનીમાં ડ્રમ બનતી વખતે મશીનરીમાં પતરાનો રોલ કપાઈ તેનો વેસ્ટ વજન બાદ કંપનીના મુખ્ય દરવાજા પાસે મુકાય છે. ભંગારમાં વેચાતો માલ ઓછો નિકળતા કંપનીના મેનેજર અને એચ.આર.મેનેજરે તપાસ કરાવી હતી. સીસીટીવી ફૂટેજમાં સેકન્ડ અને નાઈટ શિફટ દરમિયાન કેટલાક શખસો બાઈક પર સ્ક્રેપની ચોરી કરી જતાં હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ગન મેન લાલુ કાળુ રાઠવા (છોટાઉદેપુર), ગાર્ડ જયેશ અશોક સોલંકી (ડેસર), સુરેશ કાંતી રાઠોડ (સાવલી), ધર્મેન્દ્રસિંહ નટવિરસિંહ પરમાર (સાવલી), સંજય સોમા પરમાર (સોખડા), વિજયસિંહ અજીતસિંહ રણા, પ્રદિપસિંહ જશવતસિંહ વડોદીયા (બંને.સાવલી), દિલીપસિંહ ગોતા સોલંકી (સાવલી), હિરેન શના ભોઈ (ખેડા) અને છત્રસિંહ શન મકવાણા (સાવલી) વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ ગુનામાં સાવલી પોલીસે ૧૦ પૈકી ૯ શખસોને પકડયાં હતાં. આ અંગે તપાસ અધિકારી શીવચરણ ચારેલને પુછતા તેમને જણાવ્યું હતું કે, નવ જણના કોરોના ટેસ્ટ બાદ આગળની કાર્યવાહી કરીશું.

ગયા વર્ષે ભારે વરસાદને પગલે ગેટને નુકસાન થયું હતું

આસોજના રેડિયલ ગેટનું રિસ્ટોરેશન VMCને રૂ.૧૦.૭૬ લાખમાં પડ્યું

ગત જૂલાઈમાં રિસ્ટોરેશનની કામગીરી પૂર્ણ થતા ચોમાસામાં ગેટ કામ લાગ્યો

। વડોદરા ।

ગયા વર્ષે ૨૦૧૯માં પ્રતાપપુરા અને ઉપરવાસમાં ભારે વરસાદ પડતાં પ્રતાપપુરા સાથે સંકળાયેલા આસોજનો વિશ્વામિત્રી રેડિયલ ગેટના સ્ટ્રક્ચરને નુકશાન થયુ હતુ. જેના રીસ્ટોરાનો ખર્ચ રૂ. ૧૦.૭૬ લાખ આવ્યો છે. જે ખર્ચને સ્ટેન્ડિંગ કમિટિએ મંજૂરી આપી છે.

ગયા વર્ષે ૨૦૧૯માં પ્રતાપપુરા અને તેના ઉપરવાસમાં ભારે વરસાદ પડ્યો હતો. જેના પરિણામે આ રેડિયલગેટના RCC સ્ટ્રક્ચરને નુકશાન પહોંચ્યુ હતુ. કોર્પોરેશને આ કામે રૂ. ૯,૩૫,૭૮૪નો ખર્ચનો અંદાજ લગાવ્યો હતો. જે માટે જીપીએમસી એક્ટની કલમ ૬૭ (૩) સી હેઠળ કોન્ટાર કન્સ્ટ્રક્શનને ૧૫ ટકા વધુ એટલે કે રૂ. ૧૦,૭૬,૧૫૧ના ભાવે કામ કરાવાયુ હતુ. જેમાં ટેન્ડર પ્રક્રિયા કે કોઈ રકમ અનામત મૂકાવાઈ ન હતી. તે કામ ગત જૂલાઈમાં પૂર્ણ થતા ગેટનો ઉપયોગ શરૂ કરાયો હતો જેના કારણે પ્રતાપપુરામાંથી નિયત સમયે પાણી છોડી શકાયુ હતુ અને સમયસર છોડેલા પાણીને કારણે પૂરની પરિસ્થિતિ સર્જાઈ ન હતી. હવે તે ગેટના રીસ્ટોરેશન પાછળના ખર્ચની મંજૂરી અર્થે સ્થાયી સમિતિ સમક્ષ દરખાસ્ત રજૂ કરાઈ હતી. જેને ગયા શનિવારે સ્ટેન્ડિંગ કમિટિની બેઠકમાં મંજૂરી મળી હતી.

લોન ધમાકા... ફક્ત એક કલાકમાં લોન...
માત્ર વડોદરાના તમામ વેપારીઓ - દુકાનદારોને રૂા. ૫૦ હજારથી રૂા. ૧૦ લાખ સુધીની લોન ઓછા વ્યાજે, ઓછા કાગળોથી મળશે. લોન પરત દરરોજ કે અઠવાડીયે હપ્તા દ્વારા કરી શકાશે. કલેક્શન બોય જોઈએ છે.
સંપર્ક :- 9826743650, 9926701701

ખાદ્ય ખોરાક/ગૃહ ઉદ્યોગની વાનગીના ઉત્પાદન તથા વેચાણ માટે ખુબ જ ઉત્તમ લોકેશનની જગ્યા
મકરપુરા GIDCમાં અદ્યતન સુવિધાઓ સાથે વેચાણથી મેળવવા માટે સંપર્ક.
Mob.9825708075
8000862627

દહેજમાં કાર, દાગીના, TV, ફ્રીઝ, ન આપ્યા તો પત્નીને કાઢી મૂકી

પત્ની પાસે નોનવેજ પીરસાવનાર એન્જિ. પતિ સહિત ૫ સામે ગુનો

પાણી આપતી પત્ની પર થૂંકી પતિ કહેતો કે, કોરોના થઈ જાય તો રસ્તો સાફ થાય

। વડોદરા ।

શહેરના વાસણા-ભાયલી રોડ પર એન્જિનિયર પતિએ લગ્ન બાદ પત્ની પાસે પાર્ટીમાં બળજબરી દારૂ-મટન પીરસાવી અને દહેજમાં સેલ્ટોઝ કાર તથા જમીનની માંગણી કરી હતી. પીડિતાની ફરિયાદને આધારે તાલુકા પોલીસે પતિ, સાસુ, સસરા, નણંદ અને વડ સાસુ સામે ઈપીકો કલમ ૪૯૮ A, ૩૭૬ (૧), ૧૧૪ અને દહેજ પ્રતિબંધ અધિનિયમની કલમ ૪ મુજબ ગતરાતે ગુનો દાખલ કર્યો હતો.

શહેરના વાસણા રોડ સ્થિત પિયરમાં રહેતી ૨૮ વર્ષની યુવતીના લગ્ન ગતવર્ષે કમલકાંત પટેલ સાથે થયાં હતાં. યુવતીનો પતિ હાલોલની એક કંપનીમાં સિનિયર એન્જિનિયર છે. પિયરમાં દારૂ-મટનથી દુર રહેલી પરિણીતાને પતિ અને સસરા મટન ખરીદવા બજાર મોકલતા હતાં. મિત્રો અને સગા વ્હાલા સાથેની પાર્ટીમાં મરજી વિરૂદ્ધ પરિણીતા પાસે દારૂ-મટન પીરસાવાતો હતો. પાણી આપવા જતી પત્નીને તેનો પતિ ગંદા મોજા સૂંઘાડતો હતો. પત્ની પર થૂંકી પતિ કહેતો કે, કોરોના થઈ જાય તો રસ્તો સાફ થાય. ઘરના હોલમાં પરિવારના સભ્યોની હાજરીમાં નિર્વસ્ત્ર થઈ ડાન્સ કરતા પતિનું ઉપરાણું પરિણીતાની સાસુ લેતી હતી. સુરતની મહિલા મિત્ર સાથે ફોન પર વાતો કરતા પતિના કારસ્તાનને સાસુ અને નણંદે હસવામાં લીધું હતું. પરિણીતાના પિતાએ રૂ.૩.૫૦ લાખ આપ્યા છતાં સાસરિયા દહેજમાં સેલ્ટોઝ કાર, જમીન, સોનાના દાગીના, ટીવી, ફ્રિજ, તિજોરી અને વોશિંગ મશીનની માંગણી કરતા હતાં. સાસરિયાએ ભુવા પાસે પડીકીઓ મંગાવી પરિણીતાને દૂધ અને જ્યૂસમાં બળજબરી પીવડાવતા હતાં. માંગણીઓ પુરી ન કરતાં સાસરિયાઓએ પરિણીતાને ગત ઓગસ્ટમાં ઘરમાં કાઢી મુકી હતી. આ ઉપરાંત સોના-ચાંદીના દાગીના અને અસલ સર્ટિફિકેટ વગેરે જેવી સ્ત્રીધનની વસ્તુઓ પણ લઈ લીધી હતી.

પતિએ હોસ્પિટલમાંથી ઘરે આવેલી પત્ની સાથે બળજબરી સંબંધ બાંધ્યો

ગત જુલાઈમાં પરિણીતા પાંચેક દિવસ હોસ્પિટલમાં દાખલ હતી. ઘરે આવેલી અશક્ત પત્ની સાથે પતિએ બળજબરી સંબંધ બાધ્યો હતો. ભગવાનના ફોટા ફેંકી દઈ સાસુ, સસરા, નણંદ અને વડસાસુ પરિણીતાને કહેતા કે, અમે ભગવાન છે તું અમારી સેવા પુજા કર.

પતિ બેડરૂમમાં બચકાં ભરતો અને ભયજનક વાહન હંકારી પત્નીને હેરાન કરતો

પીડિતાએ ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે, બેડરૂમમાં તેનો પતિ શરીરે ગમે ત્યાં બચકા ભરતો હતો. આ ઉપરાંત કાર અને બુલેટ પર પત્નીને બેસાડી પતિ ભયજનક ડ્રાઇવિંગ કરતો હતો. પત્નીના વિરોધ સામે પતિ તેની મારઝુડ કરી મેન્ટલી અને સેક્યુઅલી હેરેસમેન્ટ કરતો હતો.

અફીણ-ચરસ સાથે પકડાયેલા શખસની ધરપકડ

। વડોદરા ।

વડોદરા-પાદરા રોડ પર લક્ષ્મીપુરા ગામની સીમની હઝ. સૈયદઅલી મીરાદાતારની દરગાહ પાસે બે દિવસ અગાઉ જિલ્લા SOGની ટીમે રેઇડ કરી હતી. પોલીસે ૧૭.૭૭ ગ્રામ ચરસ અને ૧૩.૪૦ ગ્રામ અફીણના જથ્થા સાથે દરગાહની દેખરેખ રાખતાં ઉસ્માનશા ગુલઝારશા દિવાનને (ઉ.૬૨) પકડયો હતો. આજે ઉસ્માનશા દિવાનનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવતા NDPSના ગુનામાં ધરપકડ કરી હતી

આસોજ તળાવમાંથી મહિલાની લાશ મળી આવી

। વડોદરા ।

વડોદરા નજીક આવેલા આસોજ ગામની સીમમાં આવેલી ગૌચર તલાવડીમાંથી આજે બપોરે એક અજાણી મહિલાનો મૃતદેહ તરતો જોવા મળ્યો હતો. સ્થાનિક રહિશોએ ઘટનાની જાણ ગામના સરચંપને કરતા સરચંપ સહિત અન્ય વ્યક્તિઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ઘટનાની જાણ વડોદરા તાલુકા પોલીસ મથકે કરવામાં આવતા પોલીસે મહિલાના મૃતદેહને સ્થાનિકોની મદદથી બહાર કાઢીને તેને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ,
અમદાવાદ બેન્ચ, અમદાવાદ સમક્ષ
સીપી (સીએએ) નં. ૩૫/૨૩૦-૨૩૨/એનસીએલટી/એએચએમ/૨૦૨૦
સીએ(સીએએ) નં. ૨૯/૨૩૦-૨૩૨/એનસીએલટી/એએચએમ/૨૦૨૦
સંલગ્ન
કંપની ધારા, ૨૦૧૩(૨૦૧૩નો ૧૮)ની મામલામાં
અને
કંપની ધારા, ૨૦૧૩ની કલમો ૨૩૦ થી ૨૩૨, સહિત વંચાણે લેતા ૬૬ અને અન્ય લાગુ પડતી જોગવાઈઓ તથા તે હેઠળ ઘડાયેલ નિયમોના મામલામાં
અને
તુલી પટેલ ઈન્વેસ્ટમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ, ટ્રાન્સફરર કંપની નં. ૧ અને પોલકોન ઈક્વિપમેન્ટ્સ લિમિટેડ, ટ્રાન્સફરર કંપની નં. ૨ અને પેરામાઉન્ટ ટેકનોલોજીસ લિમિટેડ, ટ્રાન્સફરર કંપની નં. ૩નું પેરામાઉન્ટ લિમિટેડ, ટ્રાન્સફરી કંપની અને તેના શેરધારકો અને કેડિટરોના વિલીનીકરણ યોજનાના મામલામાં
ના મામલામાં
તુલી પટેલ ઈન્વેસ્ટમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ, કંપની ધારા,)
૧૯૫૬ હેઠળ ઈન્કોર્પોરેટ થયેલ કંપની, જેની રજિસ્ટર્ડ ઓફિસ બીજો માળ,) પેરામાઉન્ટ કોમ્પ્લેક્સ, નટુભાઈ સર્કલ પાસે, ગોત્રી રોડ, વડોદરા-૩૯૦૦૦૭ ખાતે) આવેલ છે.)
...પિટિશનર કંપની નં. ૧/ટ્રાન્સફરર કંપની નં. ૧....)
પોલકોન ઈક્વિપમેન્ટ્સ લિમિટેડ, કંપની ધારા, ૧૯૫૬ હેઠળ ઈન્કોર્પોરેટ થયેલ) કંપની, જેની રજિસ્ટર્ડ ઓફિસ ૫૨૧, જીઆઈડીસી, મકરપુરા, વડોદરા-૩૯૦૦૧૦) ખાતે આવેલ છે.)
...પિટિશનર કંપની નં. ૨/ટ્રાન્સફરર કંપની નં. ૨....)
પેરામાઉન્ટ ટેકનોલોજીસ લિમિટેડ કંપની ધારા, ૧૯૫૬ હેઠળ ઈન્કોર્પોરેટ થયેલ) કંપની, જેની રજિસ્ટર્ડ ઓફિસ એ-૪, જીઆઈડીસી, મકરપુરા, વડોદરા-૩૯૦૦૧૦) ખાતે આવેલ છે.)
...પિટિશનર કંપની નં. ૩/ટ્રાન્સફરર કંપની નં. ૩....)
પેરામાઉન્ટ લિમિટેડ, કંપની ધારા, ૧૯૫૬ હેઠળ ઈન્કોર્પોરેટ થયેલ કંપની, જેની) રજિસ્ટર્ડ ઓફિસ પેરામાઉન્ટ કોમ્પ્લેક્સ, ગોત્રી રોડ, વડોદરા-૩૯૦૦૦૭ ખાતે) આવેલ છે.
...પિટિશનર કંપની નં. ૪/ટ્રાન્સફરી કંપની....)
પીટીશનની સુનાવણીની નોટિસ
કંપનીધારા ૨૦૧૩ની કલમ ૨૩૦ થી ૨૩૨ અને અન્ય લાગુ પડતી જોગવાઈઓ તથા તેની હેઠળના નિયમો મુજબ તુલી પટેલ ઈન્વેસ્ટમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ અને પોલકોન ઈક્વિપમેન્ટ્સ લિમિટેડ અને પેરામાઉન્ટ ટેકનોલોજીસ લિમિટેડ (ટ્રાન્સફરર કંપનીઓ)નું પેરામાઉન્ટ લિમિટેડ (ટ્રાન્સફરી કંપની) [પિટિશનર કંપનીઓ] અને તેના સંબંધિત શેરધારકો અને કેડિટરો સાથે વિલીનીકરણની યોજનાનાને મંજૂર કરવા પિટિશનર કંપનીઓ દ્વારા તા. ૨૭મી જુલાઈ, ૨૦૨૦ના રોજ સંયુક્ત પિટિશન રજૂ કરવામાં આવેલ અને સદર સંયુક્ત પિટિશનની સુનાવણી અમદાવાદ ખાતેના નામદાર નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ, અમદાવાદ બેન્ચ સમક્ષ તા. ૧૪મી ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ નિર્ધારિત કરેલ છે.
જે કોઈ વ્યક્તિ સદર સંયુક્ત પિટિશનનું સમર્થન કરવા કે તેનો વિરોધ કરવા ઈચ્છુક હોય તો તેઓ તેમના ઇરાદા સહિતની તેમની અથવા તેમના વકીલશ્રીની સહી સાથે તથા તેમના નામ અને સરનામાં સાથેની નોટિસ સંયુક્ત સુનાવણીની તારીખે અથવા તે પહેલા પિટિશનર કંપનીના અધિકૃત પ્રતિનિધિને મોકલી શકે છે. જો તેઓ સંયુક્ત પિટિશનનો વિરોધ કરવા માગતા હોય તો વિરોધનાં આધારો અથવા એફીડેવીટની નકલ આપી નોટિસ સાથે મોકલી આપવી.
જો કોઈ વ્યક્તિ સંયુક્ત પિટિશનની નકલ મેળવવા માગતી હોય તો તે માટે જરૂરી ચાર્જની ચુકવણી કરી પિટિશનર કંપનીના અધિકૃત પ્રતિનિધિ પાસેથી મેળવી શકશે.
તારીખ: ૧૯મી ઓક્ટોબર, ૨૦૨૦
સહી/- હિતેષ ભુચ એન્ડ એસોસિએટ્સ (કંપની સેક્રેટરીઝ)
પિટિશનર કંપનીના અધિકૃત પ્રતિનિધિ
સરનામું : ૩૧૦, આદિત્ય પ્લાઝા, કર્ણાવતી એપા. પાસે, જોધપુર, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.

પશ્ચિમ રેલવે
વિવિધ ગંતવ્ય સ્થાનો માટે
દશેરા અને દિવાળી દરમિયાન
ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો
ની ૭ જોડીઓની ૧૧૮ સેવાઓ દોડાવશે

બાન્દ્રા ટર્મિનસ ⇌ જબલપુર
સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન નં.	પ્રસ્થાન	આગમન	સેવાની તારીખો
૦૨૧૩૩	બાંદ્રા ટર્મિનસ ૦૦:૧૫ (શનિવાર)	જબલપુર ૨૧:૪૦ (એ જ દિવસે)	૨૪ ઓક્ટો. થી ૨૮ નવે.,૨૦૨૦
૦૨૧૩૪	જબલપુર ૧૪:૩૦ (ગુરૂવાર)	બાંદ્રા ટર્મિનસ ૧૨:૪૫ (શુક્રવાર)	૨૨ ઓક્ટો. થી ૨૬ નવે., ૨૦૨૦

રોકાણો : બોરીવલી, વાપી, સુરત, વડોદરા, રતલામ, ઉજ્જૈન, બેરાગઢ, ભોપાલ, હોશંગાબાદ, ઇટારસી, પીપરીયા અને નર્સિંઘપુર સ્ટેશન્સ.
કંપોઝિશન : એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ સીટિંગ કોચિસ. ૧૨ ટ્રીપો

ઈન્દોર ⇌ રાજેન્દ્રનગર
સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન નં.	પ્રસ્થાન	આગમન	સેવાની તારીખો
૦૯૩૨૧	ઈન્દોર ૧૩:૫૫ (શનિવાર)	રાજેન્દ્રનગર ૧૭:૨૦ (રવિવાર)	૨૪ ઓક્ટો. થી ૨૮ નવે.,૨૦૨૦
૦૯૩૨૨	રાજેન્દ્રનગર ૧૦:૪૫ (સોમવાર)	ઈન્દોર ૧૫:૨૦ (મંગળવાર)	૨૬ ઓક્ટો. થી ૩૦ નવે., ૨૦૨૦

રોકાણો : દેવાસ, ઉજ્જૈન, શુજલપુર, સંત હિરદારામનગર, બીના, ઝાંસી, ઓરઈ, કાનપુર સેન્ટ્રલ, લખનઉ, ફૈઝાબાદ, અકબરપુર, જોનપુર, વારાણસી, પં.દિન દયાલ ઉપાધ્યાય અને પટના સ્ટેશન્સ.
કંપોઝિશન : એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ સીટિંગ કોચિસ. ૧૨ ટ્રીપો

ઈન્દોર ⇌ રાજેન્દ્રનગર
દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન નં.	પ્રસ્થાન	આગમન	સેવાની તારીખો
૦૯૩૧૩	ઈન્દોર ૧૩:૫૫ (સોમ અને બુધ)	રાજેન્દ્રનગર ૧૭:૨૦ (બીજા દિવસે)	૨૧ ઓક્ટો. થી ૩૦ નવે.,૨૦૨૦
૦૯૩૧૪	રાજેન્દ્રનગર ૧૦:૪૫ (બુધ અને શુક)	ઈન્દોર ૧૫:૨૦ (બીજા દિવસે)	૨૩ ઓક્ટો. થી ૨ ડિસે., ૨૦૨૦

રોકાણો : દેવાસ, ઉજ્જૈન, શુજલપુર, સંત હિરદારામનગર, બીના, લલીતપુર, ઝાંસી, ઓરઈ, કાનપુર સેન્ટ્રલ, લખનઉ, સુલતાનપુર, જોનપુર, વારાણસી, પંડિત દીન દયાલ ઉપાધ્યાય અને પટના સ્ટેશન્સ.
કંપોઝિશન : એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ સીટિંગ કોચિસ. ૨૪ ટ્રીપો

ગાંધીધામ ⇌ બેંગ્લુરુ
સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન નં.	પ્રસ્થાન	આગમન	સેવાની તારીખો
૦૬૫૦૫	ગાંધીધામ ૦૯:૧૫ (મંગળવાર)	બેંગ્લુરુ ૦૩:૦૦ (ગુરુવાર)	૨૭ ઓક્ટો. થી ૧ ડિસે.,૨૦૨૦
૦૬૫૦૬	બેંગ્લુરુ ૨૧:૫૦ (શનિવાર)	ગાંધીધામ ૧૨:૩૦ (સોમવાર)	૨૪ ઓક્ટો. થી ૨૮ નવે., ૨૦૨૦

રોકાણો : સામખિયાલી, ધ્રાંગધ્રા, વિરમગામ, અમદાવાદ, નડિયાદ, વડોદરા, અંકલેશ્વર, સુરત, વસઈ રોડ, ભિવંડી રોડ, કલ્યાણ, કરજત, લોનાવલા, પુણે, સતારા, કરાદ, કિરલોશકરવાડી, સાંગલી, મિરાજ, બેલાગવી, લોન્ડા, ધરવર, હુબલી, હવેરી, રાનીબેન્નુર, હરિહર, દેવાંગ્રી, બિરૂર, અરસિકરે, તિપતુર, ટુમકુર, યશવંતપુર અને મલ્લેશ્વરમ સ્ટેશન્સ.
કંપોઝિશન : એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ સીટિંગ કોચિસ. ૧૨ ટ્રીપો

ગાંધીધામ ⇌ ભાગલપુર
સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન નં.	પ્રસ્થાન	આગમન	સેવાની તારીખો
૦૯૪૫૧	ગાંધીધામ ૧૭:૪૦ (શુક્રવાર)	ભાગલપુર ૨૦:૧૫ (રવિવાર)	૨૩ ઓક્ટો. થી ૨૭ નવે.,૨૦૨૦
૦૯૪૫૨	ભાગલપુર ૦૬:૩૦ (સોમવાર)	ગાંધીધામ ૦૮:૦૦ (બુધવાર)	૨૬ ઓક્ટો. થી ૩૦ નવે., ૨૦૨૦

રોકાણો : ભચાઉ, સામખિયાલી, ધ્રાંગધ્રા, અમદાવાદ, નડિયાદ, દાહોદ, રતલામ, ભવાની મંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, હિન્ડોન સિટી, બયાના, ભરતપુર, અછનેરા, મથુરા, કાસગંજ, ફર્રુખાબાદ, કાનપુર સેન્ટ્રલ, લખનઉ, ગોંડા, બસ્તી, ગોરખપુર, નરકતિયાગંજ, બેતિઆહ, સગૌલી, બાપુદામ, મોતીહારી, મુઝફ્ફરપુર, સમસ્તીપુર, બરૌની, બેગુસરાય, મોંઘીર અને સુલતાનગંજ સ્ટેશન્સ.
કંપોઝિશન : એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ સીટિંગ કોચિસ. ૧૨ ટ્રીપો

રાજકોટ ⇌ સિકંદરાબાદ
ત્રિ-સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન નં.	પ્રસ્થાન	આગમન	સેવાની તારીખો
૦૭૦૧૭	રાજકોટ ૦૫:૨૫ (સોમ, બુધ, ગુરુ)	સિંકદરાબાદ ૧૦:૩૦ (બીજા દિવસે)	૨૨ ઓક્ટો. થી ૩૦ નવે.,૨૦૨૦
૦૭૦૧૮	સિંકદરાબાદ ૧૫:૧૫ (સોમ, મંગળ, શનિ)	રાજકોટ ૧૯:૦૦ (બીજા દિવસે)	૨૦ ઓક્ટો. થી ૨૮ નવે., ૨૦૨૦

રોકાણો : વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, નડિયાદ, આણંદ, વડોદરા, અંકલેશ્વર, સુરત, વલસાડ, વાપી, વસઈ રોડ, ભિવંડી રોડ, કલ્યાણ, લોનાવલા, પુણે, દૌડ, સોલાપુર, કાલાબુરગી, વાડી, ચિત્તાપુર, સેરામ, તંદુર અને બેગમપેટ સ્ટેશન્સ.
કંપોઝિશન : એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ સીટિંગ કોચિસ. ૩૪ ટ્રીપો

ઓખા ⇌ ગોરખપુર
સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન નં.	પ્રસ્થાન	આગમન	સેવાની તારીખો
૦૫૦૪૬	ઓખા ૨૧:૦૦ (રવિવાર)	ગોરખપુર ૧૯:૨૫ (મંગળવાર)	૨૫ ઓક્ટો. થી ૨૯ નવે.,૨૦૨૦
૦૫૦૪૫	ગોરખપુર ૦૪:૪૫ (ગુરુવાર)	ઓખા ૦૩:૫૫ (શનિવાર)	૨૨ ઓક્ટો. થી ૨૬ નવે., ૨૦૨૦

રોકાણો : દ્વારકા, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, શાજાપુર, બિયાવરા, રાજગઢ, રુથીયાઈ, ગુના, અશોકનગર, મુંગોલી, બીના, ઝાંસી, ગ્વાલિયર, મોરેના, ધોલપુર, આગ્રા કેન્ટ., રાજા કી મંડી, ટુંડલા, ઈટાવાહ, કાનપુર સેન્ટ્રલ, એશબાગ, બાદશાહનગર, બારાબંકી, ગોંડા અને બસ્તી સ્ટેશન્સ.
કંપોઝિશન : એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ સીટિંગ કોચિસ. ૧૨ ટ્રીપો

પશ્ચિમ રેલવે પરથી પસાર થનાર સ્પેશિયલ ટ્રેનોની ૪ જોડી

ટ્રેન નં. ૦૨૭૨૦/૦૨૭૧૯ હૈદરાબાદ - જયપુર
દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ
હૈદરાબાદથી સેવાઓની તારીખો: ૨૧. ઓક્ટો. થી ૨૫ નવે. ૨૦૨૦
જયપુરથી સેવાઓની તારીખો: ૨૩. ઓક્ટો. થી ૨૭ નવે. ૨૦૨૦
પ.રે. સ્ટેશનોના રોકાણ: ઉજ્જૈન, રતલામ, મંદસૌર, નીમચ અને ચિત્તોડગઢ સ્ટેશન્સ

ટ્રેન નં. ૦૯૬૦૧/૦૯૬૦૨ ઉદયપુર સિટી- ન્યુ જલપાઈગુડી
(સાપ્તાહિક સ્પેશિયલ)
ઉદયપુરથી સેવાઓની તારીખો: ૨૪. ઓક્ટો. થી ૨૮ નવે. ૨૦૨૦
જલપાઈગુડીથી સેવાઓની તારીખો: ૨૬. ઓક્ટો. થી ૩૦ નવે. ૨૦૨૦
પ.રે. સ્ટેશનોના રોકાણ: ચાંદેરિયા સ્ટેશન

ટ્રેન નં. ૦૬૫૦૮/૦૬૫૦૭ બેંગ્લુરુ - જોધપુર
(દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ)
બેંગ્લુરુથી સેવાઓની તારીખો: ૨૧. ઓક્ટો. થી ૩૦ નવે. ૨૦૨૦
જોધપુરથી સેવાઓની તારીખો: ૨૪. ઓક્ટો. થી ૩ ડિસે. ૨૦૨૦
પ.રે. સ્ટેશનોના રોકાણ: વસઈ રોડ, વાપી, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, અમદાવાદ, મહેસાણા અને પાલનપુર સ્ટેશન્સ

ટ્રેન નં. ૦૬૨૧૦/૦૬૨૦૯ મૈસુર-અજમેર
(દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ)
મૈસુરથી સેવાઓની તારીખો: ૨૦. ઓક્ટો. થી ૨૬ નવે. ૨૦૨૦
અજમેરથી સેવાઓની તારીખો: ૨૩. ઓક્ટો. થી ૨૯ નવે. ૨૦૨